પુસ્તક ૨૬

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
બેડાવાળા

સંવત ૨૦૭૦ - અષાઢ સુદ-૫

જિનશાસનના અણગાર, શાસનના શણગાર પૂજ્ય ગીતાર્થ જ્ઞાની ગુરુભગવંતોના ચરણોમાં સેવક બાબુલાલની કોટિશઃ વંદનાવલી

જિનાજ્ઞાસમારાધક શ્રેષ્ઠીવર્યશ્રી / પંડિતવર્યશ્રી / ટ્રસ્ટીશ્રી... આદિને પ્રણામ

પૂજ્યપાદ પરમોપકારી પૂજ્યાપાદ ગુરુભગવંતની પ્રેરણા, માર્ગદર્શન અને આશીર્વાદથી છેલ્લાં પાંચ વર્ષમાં ૨૫ અંકો દ્વારા શ્રુતજ્ઞાન સંબંધિત ઘણી બધી મહત્વની વિગતો આપશ્રીને પહોંચાડવાનો પ્રયત્ન પ્રભુની કૃપાથી સાકાર થઇ શક્યો છે. પ્રતિ વર્ષ ચાતુર્માસના ચાર મહિના પ્રગટ થતું આ ચાતુર્માસિક માસિક, તેના છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. તે અવસરે આપ સૌ તરફથી મળેલ બહોળા પ્રતિસાદ અને આત્મીયતાનું હૃદયના સદ્ભાવપૂર્વક સ્મરણ કરીએ છીએ.

## મારી પાઠશાળા / MY HOLLY SCHOOL

જૈન શાસનની અનેક ઉત્તમ વ્યવસ્થાઓમાંથી એક વ્યવસ્થા છે પાઠશાળા. નાના બાળકોને બાળપણથી જ પાઠશાળા દ્વારા સૂત્રો વગેરેનું પાયાનું જ્ઞાન અપાય છે. બાળપણમાં આ શીખેલું કાયમમાટેનું જીંદગીનું કાયમી ભાથું બની જતુ હોય છે.

પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ટેકનોલોજીના અત્યધિક વધી રહેલા પ્રભાવને કારણે વર્ષો જુની પાઠશાળાઓ જાણે કે મરવાને વાંકે જીવતી હોય એવી સ્થિતિ ક્યારેક સર્જાતી જોવા મળે છે. એવે સમયે પરિસ્થિતિ કાળને ઓળખી પારખીને ટેકનોલોજીના ઉપયોગ દ્વારા વધુ લાભ મેળવી શકાય છે. જેમ કાંટા થી કાંટો નીકળે એમ જે ટેકનોલોજી દ્વારા કુસંસ્કારોનું પ્રમાણ વધ્યું એ જ ટેકનોલોજી દ્વારા સુસંસ્કારોનું પણ એટલું જ કે તેથી વધુ પોષણ આપશું, તો માંડ માંડ બચી શકાય એમ લાગે છે.

આજે મધ્યમવર્ગના કુટુંબના બાળકો પણ અંગ્રેજી માધ્યમમાં જ અભ્યાસ કરતા જોવા મળે છે. વર્ષોથી ગુજરાતમાં રહેલાને અંગ્રેજી માધ્યમમાં ભણેલા બાળકોને ગુજરાતી વાંચતા-લખવાની તકલીફો પડતી હોય એવા ઘણા દાખલા મળશે. આ સંજોગોમાં સ્થાનિક ભાષા ગુજરાતી સાથે રાષ્ટ્રીય ભાષા હિન્દી અને આંતરરાષ્ટ્રીય ભાષા અંગ્રેજીમાં પણ પાઠશાળા અભ્યાસક્રમો તૈયાર થાય એ જરૂરી છે.

અત્યારની લેટેસ્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઓડીયો-વિડીયો સીડી-ડીવીડી ઓ બનાવી, તેના દ્વારા કોમ્પ્યુટર ઉપર અભ્યાસ કરાવવાથી બાળકોની રુચિ તેમજ ઉત્સાહ વધે છે. વાંચનનો કંટાળો આવે એ જમાનામાં કાર્ટુન ફિલ્મ કે ચિત્ર પદ્ધતિ દ્વારા વધુ સારી રીતે જ્ઞાનનો પ્રચાર-પ્રસાર થઇ શકે છે. ગમ્મત સાથે જ્ઞાન વધુ અસરકારક બને છે.

અભ્યાસક્રમમાં પણ સળંગ બે પ્રતિક્રમણ પછી પાંચ પ્રતિક્રમણની પદ્ધતિમાં જવાને બદલે ૨૪ તીર્થંકરોના નામ, લાંછન, અષ્ટમંગલ, ૧૪ સ્વપ્ન, દેવ-ગુરુ-ધર્મ તત્વની સમજ, શ્રાવકના આચારો વગેરે પણ બે પ્રતિક્રમણની વચ્ચે વચ્ચે અભ્યાસમાં ગોઠવી દેવાથી બાળકને સર્વાંગી ધર્મનું જ્ઞાન આપી શકાય છે.

અમારા આ કાર્યમાં આપનું કોઇપણ સૂચન હોય તો અવશ્ય જણાવવા યોગ્ય કરશો. જિનાજ્ઞા વિરુદ્ધ કંઇ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

લી. સકળશ્રીસંઘચરણસેવક
શ્રી બાબુલાલ સરેમલજી બેડાવાળા

" दासोऽहं सर्व साधूनाम् "

# નૂતન પ્રકાશન ૨૦૬૯-૭૦

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા /સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | પદાર્થપ્રકાશ-૧૬ તત્વાર્થ સૂત્ર | આ.હેમચંદ્રસૂરિજી | સં/ગુજ | અંબાલાલ રતનચંદ |
| ૨ | પદાર્થપ્રકાશ-૧૭ શ્રાવકવ્રતભંગપ્રકરણ | આ.હેમચંદ્રસૂરિજી | સં/ગુજ | અંબાલાલ રતનચંદ |
| | ગાંગેય પ્રકરણ | આ.હેમચંદ્રસૂરિજી | સં/ગુજ | અંબાલાલ રતનચંદ |
| ૩ | પદાર્થપ્રકાશ-૧૮ સિદ્ધપ્રાભૃત | આ.હેમચંદ્રસૂરિજી | સં/ગુજ | અંબાલાલ રતનચંદ |
| ૪ | પદાર્થપ્રકાશ-૧૯ સિદ્ધાંત પંચાશિકા | આ.હેમચંદ્રસૂરિજી | સં/ગુજ | અંબાલાલ રતનચંદ |
| ૫ | સંસ્કૃતનિયમાવલી | આ.હેમચંદ્રસૂરિજી | સં/ગુજ | અંબાલાલ રતનચંદ |
| ૬ | પદાર્થપ્રકાશ-૨૦ વિચાર સપ્તતિકા | આ.હેમચંદ્રસૂરિજી | સં/ગુજ | અંબાલાલ રતનચંદ |
| ૭ | પદાર્થપ્રકાશ - ૯ ક્ષેત્ર સમાસ | આ.હેમચંદ્રસૂરિજી | સં/ગુજ | અંબાલાલ રતનચંદ |
| ૮ | વેદના સંવેદના | આ.હેમચંદ્રસૂરિજી | ગુજ | અંબાલાલ રતનચંદ |
| ૯ | તીર્થ તીર્થાધિપતિ | આ.હેમચંદ્રસૂરિજી | ગુજ | અંબાલાલ રતનચંદ |
| ૧૦ | શ્રી સંગ્રહણી સૂત્ર | આ.કલ્યાણબોધિસૂરિજી | અં | અંબાલાલ રતનચંદ |
| ૧૧ | પ્રતિમાશતક | આ.અજિતશેખરસૂરિજી | સં/ગુજ | અર્હમ્ આરાધક ટ્રસ્ટ |
| ૧૨ | રાયપસેણિય સૂત્ર | આ.મુનિચંદ્રસૂરિજી | સં | મહાવીર જૈન વિદ્યાલય |
| ૧૩ | ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્ર-૧,૨ | પૂ.રત્નબોધિવિજયજી | સં | મહાવીર જૈન વિદ્યાલય |
| ૧૪ | સ્તોત્ર ગ્રંથ સમુચ્ચય | આ.શીલચંદ્રસૂરિજી | પ્રા/સં | નેમીસૂરિજી સ્વા.મંદિર |
| ૧૫ | સિદ્ધહેમ અજ્ઞાત કતૃકા ઢૂંઢીકા-૬ | પૂ.વિમલકીર્તિવિજયજી | સં | હેમ.નવમ જન્મ શતાબ્દિ |
| ૧૬ | સિદ્ધાર્થ | પૂ.કલ્યાણકીર્તિવિજયજી | સં | નેમીસૂરિજી સ્વા.મંદિર |
| ૧૭ | આખ્યાનમણિકોશ ૧થી૪ | પૂ.પાર્શ્વરત્નસાગરજી | પ્રા./સં | ઓમકારસૂરિજી જ્ઞાનમંદિર |
| ૧૮ | પ્રશ્નોતર સુધા(ધર્મ દૂત) | આ.પૂણ્યપાલસૂરિજી | ગુજ | પાર્શ્વ અભ્યુદય પ્રકાશન |
| ૧૯ | પ્રવચનકિરણાવલી ભા-૧,૨ | આ.પૂર્ણચંદ્રસાગરસૂરિજી | ગુજ | આગમોદ્ધાર ફાઉન્ડેશન |
| ૨૦ | શ્રી તપાગચ્છ પટ્ટાવલી | આ.પૂર્ણચંદ્રસાગરસૂરિજી | ગુજ | આગમોદ્ધાર ફાઉન્ડેશન |
| ૨૧ | શ્રી ચંદ્રકેવળી રાસ ભા-૧,૨ | પં.વજસેનવિજયજી | ગુજ | ભદ્રંકર પ્રકાશન |
| ૨૨ | શ્રી સંઘ પટ્ટક | પૂ.સંયમકીર્તિવિજયજી | સં | સમ્યગ્ જ્ઞાન પ્રસારક સમિતિ |
| ૨૩ | અધ્યાત્મનો અધિકારી | પૂ.સંયમકીર્તિવિજયજી | ગુજ | સમ્યગ્ જ્ઞાન પ્રસારક સમિતિ |
| ૨૪ | ભાવના ભવ નાશિની | પૂ.સંયમકીર્તિવિજયજી | ગુજ | સમ્યગ્ જ્ઞાન પ્રસારક સમિતિ |
| ૨૫ | સિધ્ધાત રહસ્ય બિંદુ | પૂ.ગુણહંસવિજયજી | સં | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૨૬ | જ્ઞાનજ્યોત ભા-૧,૨ | આ.યુગભૂષણસૂરિજી | હિ | જ્યોત (ગીતાર્થ ગંગા) |
| ૨૭ | જ્ઞાનજ્યોત અનુસંધાન ૧-૨ | પૂ.કલ્પજીતવિજયજી | હિ | જ્યોત (ગીતાર્થ ગંગા) |
| ૨૮ | આઓ પ્રાકૃત શીખો ૧-૨ | આ.રત્નસેનસૂરિજી | હિ | દિવ્ય સંદેશ પ્રકાશન |
| ૨૯ | ધ વેય ઓફ મેટાફીઝીક્સ લાઇફ | આ.રત્નસેનસૂરિજી | અં | દિવ્ય સંદેશ પ્રકાશન |
| ૩૦ | આઓ ભાવ યાત્રા કરે-૨ | આ.રત્નસેનસૂરિજી | હિ | દિવ્ય સંદેશ પ્રકાશન |
| ૩૧ | દો પ્રતિક્રમણ સૂત્ર-સાર્થ | પૂ.જયાનંદવિજયજી | પ્રા/હિ | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૩૨ | ધ કોલ ઓફ ધ સાઉલ | સા.જિનપ્રજ્ઞાશ્રીજી | અં | સન્માર્ગ પ્રકાશન |
| ૩૩ | સિદ્ધ-શબ્દાનું-બૃહદ્ન્યાસ-૧,૨ | પં.જગદીશભાઇ | સં/ગુજ | પંડિત જગદીશભાઇ સુરત |
| ૩૪ | અષ્ટાપદ મહાતીર્થ-૨ | ડૉ.રજનીકાંત શાહ | અં | જૈન સેન્ટર ઓફ અમેરિકા |
| ૩૫ | પ્રાકૃત વિજ્ઞાન સંક્ષેપ | પૂ.શ્રીચંદ્રવિજયજી | ગુજ | રાંદેર રોડ જૈન સંઘ |

# નૂતન પ્રકાશન ૨૦૬૯-૭૦

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા /સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૩૬ | સ્વાનુભૂતિની પગથારે (સવાસો ગાથાના સ્તવનો) | આ.યશોવિજયસૂરિજી | ગુજ | ઓમકારસૂરિજી જ્ઞાન મંદિર |
| ૩૭ | સદ્ગુરુ શરણમ્ | આ.યશોવિજયસૂરિજી | ગુજ | ઓમકારસૂરિજી જ્ઞાન મંદિર |
| ૩૮ | પ્રસંગ બિંદુ | આ.મુનિચંદ્રસૂરિજી | ગુજ | ઓમકારસૂરિજી જ્ઞાન મંદિર |
| ૩૯ | પશ્ચાતાપ | આ.ગુણરત્નસૂરિજી | હિ | જિનગુણ આરાધક ટ્રસ્ટ |
| ૪૦ | ઘર મંદિર આવો રે કહું એકલ વાતલડી | આ.કીર્તિયશસૂરિજી | ગુજ | સન્માર્ગ પ્રકાશન |
| ૪૧ | સુખની સીડી | આ.નરરત્નસૂરિજી | ગુજ | ભદ્રંકરસૂરિજી સ્મારક ટ્રસ્ટ |
| ૪૨ | હસતા ગુરુદેવના હસ્તાક્ષર | આ.અભયચંદ્રસૂરિજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૪૩ | પોલિસી | પં.યશોવિજયજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૪૪ | પ્રાર્થન સંવેદના-૪ | પૂ.હૃદયરત્નવિજયજી | ગુજ | અર્હદ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ |
| ૪૫ | હું માણસ થાઉં તો ઘણું | પં.મહાબોધિવિજયજી | ગુજ | જિનકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૪૬ | સમતાનિધિ સૂરિ દેવ (આ.સંયમરત્નસૂરિજી) | આ.યોગતિલકસૂરિજી | ગુજ | સંયમ સુવાસ ભાભર |
| ૪૭ | પાપકી મજા નરક કી સજા | આ.રત્નાકરસૂરિજી | હિ | રંજનવિજયજી જૈન પુસ્તકાલય |
| ૪૮ | ઓમ હ્રીઁ નમો નાણસ્સ | ઉપા.રત્નત્રયવિજયજી | હિ | રંજનવિજયજી જૈન પુસ્તકાલય |
| ૪૯ | ચલો જૈન ધર્મ કે મોલમેં | ઉપા.રત્નત્રયવિજયજી | હિ | રંજનવિજયજી જૈન પુસ્તકાલય |
| ૫૦ | શાસ્ત્ર અભ્યાસની કળા | પૂ.ગુણહંસવિજયજી | ગુજ | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૫૧ | આત્મકથાઓ | પં.ચંદ્રશેખરવિજયજી | ગુજ | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૫૨ | વિશ્વની આધ્યાત્મિક અજાયબી-૩-૪ | પં.ચંદ્રશેખરવિજયજી | ગુજ | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૫૩ | શલ્યોદ્ધાર | પં.ચંદ્રશેખરવિજયજી | ગુજ | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૫૪ | ૩૫૦ ગાથાનું સ્તવન ઢા.૩-૪ | પં.ગુણહંસવિજયજી | ગુજ | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૫૫ | પંજાબરત્ન ગુરુદેવ બુટેરાયજી | આ.શીલચંદ્રસૂરિજી | ગુજ | નેમીસૂરિજી સ્વા.મંદિર |
| ૫૬ | સુધર્મ સંરક્ષક-વૃધ્ધિચંદજી | આ.શીલચંદ્રસૂરિજી | ગુજ | નેમીસૂરિજી સ્વા.મંદિર |
| ૫૭ | આદર્શ ગચ્છાધિરાજ-મુલચંદજી | આ.શીલચંદ્રસૂરિજી | ગુજ | નેમીસૂરિજી સ્વા.મંદિર |
| ૫૮ | ધર્મ તત્વ ભા-૨ | આ.શીલચંદ્રસૂરિજી | ગુજ | નેમીસૂરિજી સ્વા.મંદિર |
| ૫૯ | આર્હત આગમોનું અવલોકન | આ.શીલચંદ્રસૂરિજી | ગુજ | નેમીસૂરિજી સ્વા.મંદિર |
| ૬૦ | તપાગચ્છિય તિથી પ્રણાલી | આ.શીલચંદ્રસૂરિજી | ગુજ | નેમીસૂરિજી સ્વા.મંદિર |
| ૬૧ | જગદગુરુ - હીરસૂરિજી | આ.શીલચંદ્રસૂરિજી | ગુજ | નેમીસૂરિજી સ્વા.મંદિર |
| ૬૨ | પ્રેરણા કે સ્વર્ણિમ પુષ્પ | આ.અભયદેવસૂરિજી | ગુજ | અભય ફાઉન્ડેશન |
| ૬૩ | જિનાલય શિલ્પાદિ માર્ગદર્શિકા | પૂ.મોક્ષરત્નવિજયજી | ગુજ | અભય ફાઉન્ડેશન |
| ૬૪ | આહાર વિચાર | પં.ઉદયપ્રભવિજયજી | હિ | કેશરચંદ્ર પ્રભવહેમ ગ્રંથમાળા |
| ૬૫ | જૈન તત્વજ્ઞાન - ૨,૩ | પં.ઉદયપ્રભવિજયજી | હિ | કેશરચંદ્ર પ્રભવહેમ ગ્રંથમાળા |
| ૬૬ | જૈન પાઠશાળા | પં.ઉદયપ્રભવિજયજી | હિ | કેશરચંદ્ર પ્રભવહેમ ગ્રંથમાળા |
| ૬૭ | જિવ વિચાર રાસ-એક અધ્યન | ડૉ.પાર્વતી ખીરાણી | ગુજ | નવભારત સાહિત્ય મંદિર |
| ૬૮ | જિવ શુધ્ધિનું અજવાળું(વ્રતવિચાર રાસ) | ડૉ.રતનબેન ખીમજી | ગુજ | નવભારત સાહિત્ય મંદિર |
| ૬૯ | જ્ઞાનધારા - ૧૧ | ગુણવંતભાઇ બરવાળીયા | ગુજ | અર્હમ સ્પિરિચ્યુઅલ સેન્ટર |
| ૭૦ | દિવ્ય વાર્તાનો ખજાનો | પૂ.દિવ્યવલ્લભવિજયજી | ગુજ | અજયભાઇ મોહતા |

## સરસ્વતી પુત્રોને વંદના

(નિમ્નોક્ત ગ્રંથના સંશોધન-સંપાદનનું કાર્ય ચાલુ છે. ટુંક સમયમાં પ્રકાશિત થશે.)

પૂ.આ.કલ્યાણબોધિસૂરિજી (પૂ.પ્રેમભુવનભાનુસૂરિજી સમુદાય)

(૧) દશવૈકાલિકસૂત્ર (સમયસુંદર ટીકા)

(૨) ભક્તપરિજ્ઞા - અવચૂરિ

(૩) સંસ્તારક - અવચૂરિ

પૂ.આ.કૃપાબોધિ મ.સા. (પૂ.પ્રેમભુવનભાનુસૂરિજી સમુદાય)

(૧) જ્ઞાનસાર - ગંભીર વિજય ટીકા

પૂ.આ.ગુણરત્નસૂરિજીના શિષ્ય પરિવાર (પૂ.પ્રેમભુવનભાનુસૂરિજી સમુદાય)

(૧) ગચ્છાચાર પયન્ના - સંશોધન - શુધ્ધિકરણ સાથે સંપાદન

પૂ.આ.તીર્થભદ્રસૂરિજી મ.સા. (પૂ.કચ્છવાગડ કલાપૂર્ણસૂરિજી સમુદાય)

(૧) ઠાણાંગ સૂત્ર - દિપીકા વૃત્તિ

(૨) શ્રી શાંતિનાથ ચરિત્ર મહાકાવ્ય - કર્તા મુનિદેવસૂરિજી

પૂ.પં.ચંદ્રશેખરવિજયજી ના શિષ્ય પૂ.ગુણહંસવિજયજી (પૂ.પ્રેમભુવનભાનુસૂરિજી સમુદાય)

(૧) કૂપદષ્ટાંતવિશદીકરણ - ચંદ્રશેખરીય નૂતન ટીકાની રચના

(૨) ધર્મ પરિક્ષા - ચંદ્રશેખરીય નૂતન ટીકાની રચના

પૂ.આ.કીર્તિયશસૂરિજી મ.સા. (પૂ.રામચંદ્રસૂરિજી સમુદાય)

(૧) વનસ્પતિ સપ્તતિકા - કર્તા મુનિચંદ્રસૂરિજી વિરચિત ટીકા-ટબો

પૂ.સંયમકીર્તિવિજયજી મ.સા (પૂ.રામચંદ્રસૂરિજી સમુદાય)

(૧) ઢૂંઢક હૃદય નેત્રાંજન (સાનુવાદ)

(૨) ધર્મ વિષયક પ્રશ્નોત્તર (સાનુવાદ)

(૩) જૈન મત વૃક્ષ (સાનુવાદ)

(૪) ઇસાઇ મત સમીક્ષા (સાનુવાદ)

(૫) યોગવિંશિકા (સવિવેચન)

(૬) શુધ્ધ ધર્મ ભાગ-૧ અને ૨ (લેશ્યા શુધ્ધિ)

પૂ.હિતવર્ધનવિજયજી મ.સા.(પૂ.રામચંદ્રસૂરિજી સમુદાય)

(૧) પંચસૂત્ર - અવચૂરિ - પં.ઉદયકલશ ગણિ કૃત

(૨) યતિપ્રતિક્રમણસૂત્ર - ટીકા - પૂ.ચિરંતનાચાર્ય કૃત

**પૂ. આ. શ્રીમદ્ વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણાથી શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા સેંકડો વર્ષ ટકાઉ કાગળ ઉપર પ્રકાશિત કરવામાં આવ્યા છે.**

- અનેકાંતજયપતાકા ૧ થી ૫
- અનેકાન્તવાદ પ્રવેશ
- ઉત્પાદાદિસિધ્ધિ
- ઉપમિતિસાર સમુચ્ચય
- કર્મ ગ્રંથ (૫, ૬)
- ચતુઃશરણપ્રકીર્ણક
- ચંદ્રપ્રજ્ઞપ્તિ ભાગ - ૧, ૨
- ચંદ્રપ્રભ ચરિત્ર
- ચંદ્રવૈધ્યકપ્રકીર્ણક
- તન્દુલવૈચારિકપ્રકીર્ણક
- ધર્મવિધિ પ્રકરણ
- ધન્ય ચરિત્ર
- ન્યાયાવતાર
- પંચસૂત્ર
- પાંડવમહાકાવ્ય ભા- ૧, ૨
- પાક્ષિક સૂત્ર
- પિંડનિર્યુક્તિ (હારિભદ્રીય ટીકા, વીરગં)
- બૃહત્સંગ્રહણી
- બૃહત્ક્ષેત્રસમાસ
- મરણવિભક્તિપ્રકીર્ણક - ૧
- મહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણક
- મુનિસુવ્રતસ્વામી ચરિત્ર
- યતિ દિનચર્યા
- યોગબિંદુશ્લોકવાર્તિક
- શ્રાધ્ધપ્રતિક્રમણ સૂત્ર
- સંવેગ રંગશાળા ભા-૧, ૨
- સપ્તભંગીનયપ્રદીપ
- સમાચારી
- સિરિવાલકહા
- સ્થાનાંગદિપીકા ભા-૧, ૨ (નગર્ષિગણિ)
- સ્યાદ્વાદભાષા

**જુદા જુદા વિષયોના નવનિર્મિત ૧૭ ગ્રંથોની રચના કરવામાં આવી છે.**

- આશાતનોપનિષદ્
- ઉપનિષદ્-સર્વસ્વમ્
- જ્ઞાનસાર-ઉપહાર
- ચંદ્રાવેધ્યકપ્રકીર્ણક - ટીકા
- તરંગલોલા સમાસ
- સદ્દાનોપનિષદ્
- પ્રવચનપસૂનિષદ્
- મરણવિભક્તિ પ્રકીર્ણક ટીકા-૧
- મહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણક ટીકા
- મહોપનિષદ્
- મોક્ષોપનિષદ્
- યોગબિંદુશ્લોકવાર્તિક
- યોગોપનિષદ્
- વિચારબિંદુ
- વિમુકત્યુપનિષદ્
- શ્રુતમહાપૂજા
- સમાધિસુધા

- પૂ. આનંદઘનની આત્માનુભુતિ પદ ૨૬-૩૦ આ. કલ્યાણબોધિસૂરિજી - ગુજ
- પૂ. આનંદઘનની આત્માનુભુતિ પદ ૩૧-૩૫ આ. કલ્યાણબોધિસૂરિજી - ગુજ
- ગીતમાષ્ટક આ. કલ્યાણબોધિસૂરિજી - ગુજ
- નવપદ સંવેદના આ. કલ્યાણબોધિસૂરિજી - ગુજ
- વેદનાના શિખરે આ. કલ્યાણબોધિસૂરિજી - ગુજ
- સર્વ દર્શન સંગ્રહ ભાગ - ૧ -૨ આ. કલ્યાણબોધિસૂરિજી - ગુજ
- આગમઉપનિષદ શ્રેણી અન્વયે ૨૪ નવનિર્મિત સંસ્કૃત ગ્રંથ
- આગમ અમૃતમ્ શ્રેણી અન્વયે ૨૪ ગ્રંથો
- સૂયગડાંગસૂત્ર ચૂર્ણિ -૨ - પ્રતાકાર
- નેમિનિર્વાણમ્ - લે. શીવદક્ષશર્મા
- ગીતમીયકાવ્યમ્ - આ. કનકચંદ્રસૂરિજી

**આ રીતે કુલ ૧૦૮ ગ્રંથોના વિમોચન પાલિતાણા રાખવામાં આવેલ છે.**

# અવ્વલકોટિના શ્રુતપ્રભાવકો દ્વારા સમજણપૂર્વકની સાચી શુદ્ધ શ્રુતરક્ષા

જિનશાસનની ઉજ્જવળ પરંપરામાં અનેકાનેક શ્રુતપ્રભાવકો થઇ ગયા છે. એમાં પણ આપણી અત્યંત નજીકના છેલ્લી સદીના શ્રુતપ્રભાવકોની જો વાત કરવી હોય તો મુખ્ય ત્રણ નામ સૌની જીભે અવશ્ય પડે છે. (૧) પ.પૂ. આગમોદ્ધારક સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ (૨) પ.પૂ. શ્રુતભાસ્કર પુણ્યવિજયજી મહારાજ (૩) પ.પૂ. શ્રુતપ્રભાવક શ્રી જંબુવિજયજી મહારાજ

ઉપરોક્ત ત્રણેય મહાપુરુષ પરમશ્રુતભક્ત અને શાસ્ત્રજ્ઞાન સંપન્ન પરમગીતાર્થ હતા. પ.પૂ. આગમોદ્ધારકશ્રીએ આજીવન શ્રુતસેવા કરી પ્રાચીન હસ્ત લીખીતો પરથી અનેક આગમગ્રંથો તથા અન્ય ગ્રંથો સંપાદન કરી છપાવડાવી પ્રસિધ્ધ કર્યા. પ.પૂ. પુણ્યવિજયજી મ.સા. તથા પ.પૂ. જંબુવિજયજી મ.સા.એ અનેક પ્રાચીન હસ્તલિખિતોને આધારે ચોક્કસાઇ પૂર્વકના વિશુધ્ધ સંપાદનો કર્યા. તેમજ જુદા જુદા હસ્તપ્રતોના શાસ્ત્ર સંગ્રહોનો જીર્ણોદ્ધાર કર્યો તથા તેમાં રહેલી મહત્વની હસ્તપ્રતોને ડીજીટલાઇઝેશન દ્વારા સુરક્ષિત કરાવી અને સંશોધન કરતાં ગુરુભગવંતોને નકલો ઉપલબ્ધ કરાવી, આજે આ ત્રણેય મહાપુરુષો શ્રુતજ્ઞાન ક્ષેત્રે દિવાદાંડી સમાન છે. આનંદજનક બીના એ પણ છે કે વર્તમાન પણ તેમના ચીલે ચાલનારા મહાપુરુષો વિદ્યમાન છે જ..

ઉપરોક્ત ત્રણેય મહાપુરુષોએ ભવિષ્યની પેઢીને સાચો શુધ્ધ શ્રુતવારસો મળી રહે એ માટે હસ્તલેખનનો વિકલ્પ ન અજમાવતા પ્રિન્ટીંગ અને ડીજીટલાઇઝેશનનો વિકલ્પ શા માટે સ્વીકાર્યો હશે.. એ અહીં વિચારણીય મુદ્દો છે. અને તે પર દીર્ઘ વિચારણા કરતાં મુખ્ય પાંચ બાબત અહીં વિચારણીય બને છે. (૧) લહીયા દ્વારા શ્રુતલેખન (૨) પ્રુફ ચેકીંગ (૩) પાઠ ભેદ અને પાઠ શુદ્ધિ (૪) સહજ, સરળ ઉપયોગીતા (૫) જ્ઞાન દ્રવ્ય વ્યય. આ બધા જ મુદ્દાની વિસ્તૃત ચર્ચા આ લેખમાં કરી છે.

(૧) લહીયા દ્વારા શ્રુતલેખન :- શ્રુતલેખનની પ્રારંભિક આવશ્યક્તા છે લેખન કરનારા લહીયાઓ, પ્રાચીન હસ્તલિખિત પ્રતો પર અભ્યાસ કરીએ તો જણાશે કે જેમ જેમ હસ્ત લિખિત પ્રતો જુની હોય છે. તેમ તેમાં અશુદ્ધિ ઓછી હોય છે. પછી પછીના કાળે અશુદ્ધિઓ વધી છે.

પૂર્વકાળે લખાતી હસ્તલિખિત પ્રતો પૂજ્ય આચાર્યાદિ ગુરુભગવંતોની નિશ્રામાં લખાતી વિદ્વાન સાધુ ભગવંતો તેનું સાંગોપાંગ ચેકીંગ કરતા, સંશોધન કરીને ભુલો સુધારતા, લહીયા દ્વારા છુટી ગયેલા પાઠો કે શબ્દો વ્યવસ્થિત નોંધતા, હાંસિયામાં ટીપ્પણીઓ કરતાં, અને તેઓના આ સમગ્ર પ્રયત્નોથી એક શાસ્ત્રની શુધ્ધ પ્રતિ તૈયાર થતી...ઘણાં ગુરુભગવંતોએ તથા શ્રાવકોએ પણ સ્વહસ્તે હસ્તપ્રત લખેલી છે, જે આજે પણ જુદા જુદા હસ્તપ્રત ભંડારોમાં જોવા મળે છે.

વર્તમાન કાળની શ્રુતલેખનની પરિસ્થિતિ ઘણી વિચિત્ર અને વિષમ છે. આજે સારા પરંપરા પ્રાપ્ત લહીયાઓ જ મળતા નથી એટલે શ્રુતલેખનના શાસ્ત્રીય માની લીધેલા કર્તવ્યને અદા કરવા ગામે ગામ જ્યાં ગોઠવાઇ શકે તેમ હોય ત્યાં નવા નવા લહીયાઓ તૈયાર કરવામાં આવે છે. તેઓને ધાર્મિક જ્ઞાન અભ્યાસ તો ન હોય પણ તેઓનું સંસ્કૃત, પ્રાકૃત ભાષાકીય જ્ઞાન પણ લેશ માત્ર ન હોવા છતા એક માત્ર સારા અક્ષર જોઇને તેમને લખવાનું કામ સોંપવામાં આવે છે. ક્યારેક તો તેઓના વ્યવહારીક અભ્યાસ પણ વિચારણીય હોય છે.

ઘણાં ખરા કિસ્સામાં એવું પણ જોવાય છે કે લહીયો પોતાના ઘરે ગ્રંથ લખીને લાવે એમાં ઘરે રેડીયો, ટી,વી, પર ગીતો સાંભળતા કે મોં માં પાન-મસાલા ચાવતા નહીંજ લખતો હોય એવું માની લેવાને કોઇ કારણ નથી. એની સ્થાન શુધ્ધિ, મુખ શુધ્ધિ ન જળવાય એવું પણ બની શકે છે.

વળી, આગમ જેવા પવિત્ર ગ્રંથો કઇ જાતિના લહીયા પાસે લખાવવા એનું નિયત બંધારણ ન હોઇ ક્યારેક સાવ હલકી જાતિના વ્યક્તિ લખતા હોય એવું પણ બની શકે છે. આપણે જેને લેખન કાર્ય સોંપ્યું હોય તે સારી વ્યક્તિ હોય પણ આજના જમાના ના ટ્રેન્ડ પ્રમાણે તે જેઓ પાસે કોન્ટ્રાક્ટથી લખાવતો હોય તે વ્યક્તિની જાતિનો શું ભરોસો ? જો કોઇ બહેનો પાસે લખાવાય તો તેઓ પૈસાના લોભે ટાઇમપિરિયડમાં નહીં જ લખતી હોય તેવી બાંહેધરી કોઇ આપી શકે એમ છે. ?

માની લ્યો કે તમે લહીયાની જાતિ, વસ્ત્ર, સ્થાન શુધ્ધિ, શરીર શુધ્ધિ આદિ જાળવવાનો પૂર્ણ પ્રયત્ન કર્યો છે, પરંતુ સરવાળે તો જે તે લહીયો ધાર્મિક જ્ઞાન તેમજ સંસ્કૃત, પ્રાકૃત ભાષા

જ્ઞાનમાં તો અંગુઠા છાપ અબુધ જ હોય છે. એને સંસ્કૃત નો સ કે પ્રાકૃતનો પ ની ગતાગમ હોતી નથી, માત્ર દેખી દેખીને નકલ જ કરવાની હોય છે. એમાં ધ્યાન બે ધ્યાન થતાં અથવા તો વધુ લખી ને વધુ વળતર મેળવવાની લાયમાં ક્યારેક અક્ષર, કાના માત્રા, ક્યારેક શબ્દો તો ક્યારેક આખી લાઇન ગપચાવી દેતા હોય છે. પૂર્વ કાળના લહીયા વ્યવસ્થિત સમજદાર હતા. ગુરુભગવંતોનું વ્યવસ્થિત ચેકીંગ રહેતું, જ્યારે આજે ?

રોજના આવશ્યક સૂત્રોમાં પણ આપણે શુધ્ધિની કેટલી દરકાર કરીએ છીએ, એક કાના કે માત્રાના ફેરફારમાં અર્થના અનર્થો થઇ જતાં શાસ્ત્રોમાં દૃષ્ટાંતો બતાવ્યા છે. ત્યારે અણઘડ લહિયાઓના હાથમાં ભવિષ્યના શ્રુતરક્ષાની દોરી સોંપવી કેટલી યોગ્ય ગણાશે ?

(૨) ચેકીંગ સંશોધન :- લહિયાઓએ લખેલ સંસ્કૃત પ્રાકૃતના ગ્રંથોને ચેક કરવા માટેનો પ્રાથમિક અધિકારી એ છે કે જેને એ ભાષાનું જ્ઞાન હોય, તથા વાસ્તવિક સાચો અધિકારી એ છે કે જેને જે તે આગમિક પદાર્થનું જ્ઞાન પણ હોય, આવા અધિકારી તરીકે તો વિદ્વાન સાધુ ભગવંતાદિ જ મળે.

જેટલા પણ સાધુ ભગવંતો હયાત છે એમાં આવા વિશિષ્ટ શ્રુતજ્ઞાની સાધુભગવંતો કેટલા ટકા મળે ? હવે સામાન્ય બુદ્ધિથી વિચારો કે જે એવા થોડા ઘણાં વિદ્વાન સાધુભગવંતો છે તે દરેકને પોતાના નવસર્જન, ભાષાંતરણ, સંશોધન, સંપાદનના કામો ચાલતા હોય ત્યારે તેઓ પોતાના સમય લહિયાએ લખેલ ગ્રંથો ચેક કરવામાં આવે ( કે જેમાં તેમની બૌદ્ધિક ક્ષમતાનો કોઇ વિશિષ્ટ ઉપયોગ થતો નથી) કે પછી પોતાના નવસર્જનમાં આપે ? માની લ્યો કે કોઇ શ્રુતભક્તિ થી પ્રેરાઇને હસ્ત લિખિત ગ્રંથો ચેક કરશે તો પણ તે કેટલા ગ્રંથો ચેક કરશે, તથા તેની ધીરજ કેટલી ટકશે ? આ વાસ્તવિક્તામાં જ્યાં થોડા ઘણા ગ્રંથો પણ ચેક કરવા મુશ્કેલ છે, ત્યાં જેઓને અતિવિશાળ પાયે શ્રુતલેખન કરાવવાના કોડ હોય ને કરોડોની તેની યોજના હોય તેઓ આ કાર્ય કેવી રીતે કરશે તે એક લાખ રૂપિયાનો સવાલ છે. આ રીતે ચેક કર્યા બાદ પણ કામ પતી જતુ નથી, સંશોધક મહાત્માએ જ્યાં જ્યાં ભુલ કાઢી હોય, પાછો સુધાર્યા હોય, તે સર્વ વિગત પાછી મુળ પ્રતમાં લહિયા દ્વારા સુધારાવવાની હોય છે. અત્યંત ધિરજ સાધ્ય અને માનસિક શ્રમસાધ્ય આ કાર્ય છે. માત્ર જ્ઞાન દ્રવ્યની રેલમછેલ થઇ જવાથી કે લખવાનો ઓર્ડર આપી દેવાથી સરળતાથી આવા કાર્યો થઇ જતાં નથી.

(3) પાઠ ભેદ અને પાઠ શુધ્ધિ :- શ્રુતનું લેખન જ કરાવવું જોઇએ એવું કહેનારાઓ આ માટે હિંસા વિરાધના અને પ્રાચીન પદ્ધતિના મુદ્દાને આગળ કરે છે, પરંતુ સાચી વાસ્તવિકતા એ છે કે પ્રાચીન શ્રુતવારસાના સંરક્ષણમાં હિંસા અહિંસા કે પ્રાચીન અર્વાચીન પદ્ધતિ એ ગૌણ બાબત છે. આ ક્ષેત્રમાં સૌથી વધુ મહત્વ પાઠ શુધ્ધિનું છે અને તે પ્રિન્ટીંગ દ્વારા જ વધુ સાચવી શકાય છે.

ધારો કે ૨૦૦ પાનાનો કોઇ એક ગ્રંથ છે અને તેની ૧૦ નકલ કરવાની છે. હવે માનવસહજ ભૂલને કારણે એક પેજ પર એક ભૂલ થાય તો સંપૂર્ણ ગ્રંથમાં એક કોપીમાં ૨૦૦ ભૂલો થાય. (વાત્સવમાં તો આનાથી ત્રણ, ચાર કે પાંચ ગણી ભૂલો જ નીકળશે. છતાં ઓછામાં ઓછી કલ્પના કરીએ તો એ ૨૦૦ ભુલ નીકળશે.) હવે ૧૦ લહિયા પોતાની રીતે લખે ત્યારે દરેક જણ અલગ અલગ ૨૦૦ સ્થાને ભુલ કરે એટલે એક જ ગ્રંથની ૧૦ કોપીને થઇને કુલ ૨૦૦૦ ભુલો થાય

આજે જેઓ પણ આ હસ્તલેખન કરાવે છે તેઓ ઘણું કરીને પૂ.પુણ્યવિજયજી મ.સા. કે પૂ.જંબુવિજયજી મ.સા.આદિના શુધ્ધ સંપાદનો ઉપરથી જ હસ્તલેખન કરાવે છે. તે મહાપુરુષોએ અનેક તાડપત્રો પ્રાચીન અને હસ્તદર્શોને આધારે પાઠ ભેદોની સંગતતાએ કરીને જે એક ગ્રંથ સર્વાંગ શુધ્ધ કર્યો હોય તેને ઉપર જણાવ્યા પ્રમાણે લખવાથી નવા હજારો પાઠ ભેદો ઉભા થાય અને ભવિષ્યની પેઢીને ફરી પાછો અશુધ્ધ શ્રુતવારસો આપવાનો થાય. અને ૨૦૦-૫૦૦ વર્ષ પછી ફરી કોઇ પૂ.પુણ્યવિજયજી કે પૂ.જંબુવિજયજીની શ્રીસંઘને જરૂર પડશે. એટલે આ રીતે પૂજ્ય મહાપુરુષોના શુધ્ધ સંપાદિત ગ્રંથો લખાવવામાં તેમની અથવા તો શ્રુતજ્ઞાનની ભક્તિ છે કે અવહેલના છે તે શાંતચિત્તે મધ્યસ્થ ભાવના થી વિચારવું જોઇએ. વળી, શ્રુતલેખન એ અહિંસક છે કે અલ્પહિંસક છે ને છાપકામ ભરપુર વિરાધનામય છે. વગેરે વગેરે તો હજી વિચારણીય સ્તરે જ છે...

(ક્રમશઃ આગામી અંક - ૨૭માં)

# પૂજ્યપાદ ગુરુભગવંતોને નમ્ર વિજ્ઞપ્તિ

● શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિજી સમુદાયના પ.પૂ.પ્રાચીનશ્રુતોદ્ધારક વૈરાગ્ય દેશનાદક્ષ આચાર્યદેવે શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શુભ આશીર્વાદ પૂર્વક, પૂજ્યશ્રીના પુન્યપ્રભાવે, લોકાર્પણ થયેલ શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જ્ઞાનભંડાર - સાબરમતીને છેલ્લા ૭ વરસથી પૂજ્યોને અભ્યાસ ઉપયોગી ગ્રંથો સાહિત્ય પહોંચાડવાનો ઉત્તમ લાભ મળી રહ્યો છે, જેનો અમારા હૈયે અપાર આનંદ છે.

● ચાતુર્માસમાં એક સાથે ૩-૪-૫ કે વધુ પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંતો અભ્યાસ કરતા હોય ત્યારે એક જ ગ્રંથની ઘણી નકલોની એક સાથે જરૂર પડે છે. જે પણ પૂજ્યોને આ રીતે એક સાથે વધુ ગ્રંથની આવશ્યક્તા હોય તો અમારી પાસેથી મંગાવી શ્રુતભક્તિનો લાભ આપશોજી.

● જેઓ પાસે અભ્યાસ ઉપયોગી ગ્રંથની પીડીએફ હોય, તેઓ અમને ઇમેઇલ કરી શકે, અથવા સીડીમાં મોકલે તો અમો ગ્રંથની કોપીઓ કઢાવી જરૂરિયાતવાળા પૂજ્યોને આપી શકીશું.

● ગત ચાતુર્માસ દરમ્યાન અમારા જ્ઞાનભંડારમાંથી જે પણ પૂજ્યોને પુસ્તક-ગ્રંથાદિ મોકલવામાં આવેલ, તેઓના અભ્યાસનું કાર્ય પૂર્ણ થતા પુસ્તકો અમને પાછા જમા કરાવવા વિનંતિ.

● કેટલીકવાર એક સ્થાનેથી આવેલ પ્રત બીજા પૂજ્યોને મોકલતા, પ્રતના પાના ઉલટ-સુલટ હોવાની ફરિયાદ આવે છે. તો દરેક પૂજ્યોને નમ્ર વિનંતી કે જ્યારે પ્રત પરત જમા કરાવો ત્યારે તેના દરેક પાના વ્યવસ્થિત ગોઠવીને મોકલવા.

● જે પણ પૂજ્યશ્રીઓ તરફથી બાળસાહિત્ય પ્રકાશિત થતુ હોય અથવા તે અંગેની સીડી, ડીવીડી અથવા અંગ્રેજી બાળવાર્તા સાહિત્ય ઉપલબ્ધ હોય અથવા તેના પ્રાપ્તિસ્થાન વગેરે અંગેની માહિતિ હોય તો તેઓ કૃપા કરી અમને જણાવે. અમોને બાળકો માટેની જ સ્પેશીયલ લાયબ્રેરી બનાવવાની ભાવના છે.

● કચ્છમિત્રમાં શ્રી માવજી કે. સાવલાનો - શ્રી ધીરજલાલ ટોકરશી શાહના ગુજરાતી બાળવાર્તા શ્રેણીનો અંગ્રેજી અનુવાદ કરવા સંબંધી લેખ દિશાસૂચક છે. આ રીતે ગુજરાતી બાળવાર્તાઓનું અંગ્રેજી ભાષાંતરણ કરીને મલ્ટીકલર ચિત્રો સાથે ઇ-બુક રૂપે પણ પ્રકાશન કરવાથી ખૂબ જ સુંદર પરિણામ આવી શકે છે. તો એ બાબત આપનો સહયોગ અને અભિપ્રાય જણાવવા યોગ્ય કરશો.

● અંગ્રેજી મીશનરી સ્કુલમાં અભ્યાસ કરેલ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંત જૈન પારિભાષિક શબ્દોનું યોગ્ય અંગ્રેજી રૂપાંતર દ્વારા સહયોગ આપી શકે છે.

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા.વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org